શ્રીમતી નીલમ
૨૫

By RPAD.

નમૂનો-ચ

(જુઓ : નિયમ – ૪(૨))

## બીજા સત્તા મંડળને લગતી અરજીની તબદીલી

નં.આ.સ./માહિતી અધિકાર/વશી.૨૨૬૯ થી ૨૨૭૨

જાહેર માહિતી અધિકારી અને
નાયબ કલેકટરની કચેરી
ઠે.નવા બસ સ્ટેન્ડ સામે ડીસા.
તા૨૩/૦૯/૨૦૨૨

પ્રતિ,
નોડલ ઓફીસરશ્રી RTI
પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લિમીટેડ.
ઠે.પ્લોટ નં.૫૪, રિયા-રેવતી રિસોર્ટની બાજુમાં,
સમા-સાવલી રોડ, વડોદરા-ગુજરાત
પિન કોડ – ૩૯૦૦૨૪

અરજદારશ્રી કમલેશભાઇ કે. બારોટ રહે.રૂની. તા.કાંકરેજએ તા.03/0૮/૨૦૨૨ ના રોજ જાહેર માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ અરજી કરેલ છે. જે અરજી જાહેર માહિતી અધિકારી અને મામલતદારશ્રી કાંકરેજના તા.૧૮/૦૮/૨૦૨૨ ના રોજ અત્રેની કચેરીએ સંપૂર્ણ તબદીલ કરેલ છે. જે અરજીમાં માંગવામા આવેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૬ ની વિગતો જોતાં આપની કચેરીના કાર્યક્ષેત્રમાં આવતી હોવાનું જણાય છે. જેથી અરજીની વિગતે અરજદારને જરૂરી માહિતી આપવા અંગેની કાર્યવાહી કરવા આપને સંપૂર્ણ તબદીલ કરવામાં આવે છે. જે અંગે નિયમોનુસારની કાર્યવાહી કરવાનું રાખશો.

જાહેર માહિતી અધિકારી
અને
નાયબ કલેક્ટર, ડીસા

કચેરીનું નામ : નાયબ કલેકટરની કચેરી, ડીસા
ટેલીફોન નં.૦૨૭૪૪-૨૩૦૪૦૦

નકલ રવાના :- અત્રેની કચેરીના માહિતી અધિકાર દફતર તરફ.
૨/- આપની શાખાના પત્ર નં.એમએજી/માહિતી અધિકાર/એસ.આર.નં.૪૦/૨૦૨૨/વશી. ૧૩૯૬/૨૦૨૨ તા.03/0૯/૨૦૨૨ અન્વયે જાણ સારૂ.

નકલ રવાના :- શ્રી કમલેશભાઇ કે. બારોટ રહે.રૂની, તા.કાંકરેજ તરફ.
૨/- આપે માંગેલ માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ને લગતી અરજી ઉપરોકત કચેરીના કાર્યક્ષેત્રને લગતી હોઇ તબદીલ કરવામાં આવેલ છે. જરૂર જણાયે તેઓશ્રીની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

R-420220175598

નમુનો – ઘ

(જુઓ નિયમ ૪(૨))

બીજા જાહેર સત્તામંડળને લગતી અરજીની તબદીલી

નં.આર.ટી.આઇ./એસ.આર.નં.૩૩/૨૦૨૨

જાહેર માહિતી અધિકારી અને
મામલતદાર કાંકરેજની કચેરી,
શિહોરી, તા.૧૮/૦૮/૨૦૨૨

પ્રતિ,
મે.જાહેર માહિતી અધિકારી અને
નાયબ કલેકટર સાહેબ,ડીસા

અરજદારશ્રી કમલેશભાઇ કે. બારોટ,રહે.રૂની,તા.કાંકરેજ,જિ.બનાસકાંઠાની તા.૦૩/૦૮/૨૦૨૨ ની માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ હેઠળ માહિતી મળવા બાબતની અરજી અત્રેની કચેરીએ તા.૦૫/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ છે. જે અરજી નીચે જણાવેલ કારણોસર સ્વીકારવા વિનંતી છે.

અરજદારશ્રીએ માંગેલી માહિતી આપ સાહેબના કાર્યક્ષેત્રની અંદરમાં આવતી હોવાથી અરજીની વિગતે અરજદારને જરૂરી માહિતી આપવા અંગેની કાર્યવાહી માટે આપ સાહેબને **"સંપૂર્ણ તબદિલ"** કરવામાં આવે છે. અરજદારશ્રીને આપ સાહેબની કક્ષાએથી જવાબ/માહિતી પૂરી પાડવા વિનંતી છે.

આથી પ્રમાણીત કરવામાં આવે છે કે,અરજદારે જરૂરી માહિતી મેળવવા માટેની ફી/ચાર્જ પેટે કોઈ રકમ ચૂકવેલ નથી.પરંતુ અરજી ફી પેટે રૂ.૨૦/- ની કોર્ટ ફી ટીકીટ વાપરેલ છે.

**બીડાણ** :- ઉપર મુજબ અરજીની નકલ

(બી.જે.દરજી)
**જાહેર માહિતી અધિકારી**
**અને**
**મામલતદાર,કાંકરેજ**

6080
21/8/2022

<u>**નકલ જયભારત સહ રવાના**</u> :-

અરજદારશ્રી કમલેશભાઇ કે. બારોટ,રહે.રૂની,તા.કાંકરેજ,જિ.બનાસકાંઠા તરફ.

૨/- આપે માંગેલ માહિતી તેનું કાર્યક્ષેત્ર ધરાવતા જાહેર માહિતી અધિકારીશ્રીને તબદીલ કરવામાં આવેલ છે.જેથી જરૂર જણાયે ઉપર દર્શાવેલ જાહેર માહિતી અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

23 AUG 2022
૧૩૫૩

# માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળની અરજી

20रु. Rs.20 बीस रुपये TWENTY RUPEES

અરજદાર:
કમલેશભાઇ કે. બારોટ
રહે.ગામ-રૂની, તા-કાંકરેજ,
જી-બનાસકાંઠા, પીન-૩૮૫૫૫૫,
તા.૦૩/૦૮/૨૦૨૨

પ્રતિ,
જાહેર માહિતી અધિકારીશ્રી,
મામલતદારશ્રીની કચેરી, કાંકરેજ,
મુ-શિહોરી, તા-કાંકરેજ,
જી-બનાસકાંઠા, પીન-૩૮૫૫૫૦,

**વિષય:- માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અન્વયે જરૂરી માહિતી આપવા બાબત.**

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે, અમો ભારત દેશના નાગરિક છીએ અને અમોને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ હેઠળ જરૂરી માહિતી આપવા વિનંતી છે. તેમજ અમોએ આ સાથે નિર્ધારિત શૂલ્ક પેટે રૂ. ૨૦/- કોર્ટ ફી(સ્ટેમ્પ) મોકલી આપેલ છે.

મામલતદાર કચેરી
કાંકરેજ, જિ. બનાસકાંઠા
1100
05 AUG 2022

૧) મોજે.રૂણી તા.કાંકરેજ જી.બનાસકાંઠા ખાતે પાવરગ્રીડ કોર્પોરેશન દ્વારા ૭૬૫ કે.વી.ડી.સી. ભૂજ-બનાસકાંઠા પ્રવાહન લાઇનમાં ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના નિયમો તેમજ પાવરગ્રીડ કોર્પોરેશનના નિયમોને આધીન પાક નુકસાની વળતર તથા વૃક્ષ કપાત માટે ખેડૂતના નામ, ખેડૂત ખાતા નંબર સાથે વૃક્ષની નુકસાની પેટે વૃક્ષ દીઠ, વૃક્ષના પ્રકાર, વૃક્ષની સંખ્યા સાથે કેટલુ વળતર ચુકવવામાં આવેલ છે તેની વિગત તેમજ સદરહુ વળતર અંગેના નિયમો તથા આ અંગે આપની કચેરી દ્વારા પાવરગ્રીડ કોર્પોરેશનસાથે થયેલ પત્રવ્યવહારની નકલ.

RTI
Timelimit

૨) મોજે.રૂણી તા.કાંકરેજના રેવન્યુ રેકર્ડના નમુના ૮-અમાં દર્શિત ખાતાનં-૧૦૮ પરત્વે ૧ જાન્યુઆરી ૨૦૧૨ થી આજદીન સુધી પાક નિષ્ફળ, વીજ લાઇન માટે થાંભલા, વીજ લાઇન પસાર થવા બાબતે તથા વૃક્ષ કપાત પેટે ક્યાં ધારા ધોરણો તથા નિયમોને આધીન પાક નિષ્ફળ, વીજ લાઇન થાંભલા, વીજ લાઇન પસાર

થવા બાબતે તથા વૃક્ષ દીઠ કેટલુ વળતર ચુકવામાં આવેલ છે. તે અંગેના તમામ દસ્તાવેજી પુરાવાની નકલ

૩) સામાન્ય સંજોગોમાં વૃક્ષ કપાતનું વળતર ક્યાં ધારા ધોરણો તથા નિયમોને આધીન નક્કી કરવામાં આવે છે તે અંગેનું સ્પષ્ટ વિવરણ દર્શાવતા રેકર્ડની નકલ.

૪) ૧ જાન્યુઆરી ૨૦૧૮ થી આજદીન સુધી વૃક્ષ કપાત/ધ્વંશ કરવા અંગેની કેટલી અરજીઓ આપની કચેરી ખાતે મળેલ છે તે અંગેની રજિસ્ટરની પ્રમાણિત નકલ

૫) વૃક્ષ કપાત અંગે થયેલ અન્યાય અંગે ૧ જાન્યુઆરી ૨૦૧૮ થી આજદીન સુધી કેટલી અરજીઓ તથા નામ.કોર્ટની પીટીશન મળેલ હોય તો તે અંગેના પત્રની નકલ.

૬) મોજે.રૂણી તા.કાંકરેજ જી.બનાસકાંઠા ખાતે પાવરગ્રીડ કોર્પોરેશન દ્વારા ૭૬૫ કે.વી.ડી.સી. ભૂજ-બનાસકાંઠા પ્રવાહન લાઇનમાં ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના નિયમો તેમજ પાવરગ્રીડ કોર્પોરેશનના નિયમોને આધીન ચૂકવવામાં આવેલ વળતર બાબતે ખેડૂતના નામ, ખેડૂત ખાતા નંબર, વીજ લાઇન થાંભલાની સંખ્યા, વીજ લાઇન થાંભલા દીઠ કેટલુ વળતર ચુકવવામાં આવેલ છે તેની વિગત તેમજ સદરહુ વળતર અંગેના નિયમોની વિગત.

આપનો વિશ્વાસુ

ક.કે. બારોટ

(કમલેશ કે. બારોટ)

મો.૭૨૮૫૮૨૮૯૨૦

આ.સ. / માહિતી અધિકાર / વશી. ૨૨૬૯ થી ૨૦૨૨

પ્રતિ,

નોડલ ઓફીસરશ્રી RTI

પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લીમીટેડ

ડે. પ્લોટ નં.૫૪, રિયા- રેવતી વિસ્તારની બાજુમાં

ગણા - માવલી રોડ, વડોદરા - ગુજરાત

પિન કોડ - ૩૯૦૦૨૪

(1)

રવાનગી કારકુન
નાયબ કલેક્ટરની કચેરી
ડીસા.

દિનાંક / Date : 19 SEP 2022
283
In. No.

R
RG 093224462IN